

# પરિષદ-પાથેય

સંકલન : રાજેન્દ્ર પટેલ

હમણાંની પરિષદ એટલે નવા મિત્રો, નવા વિચારો, નવી પ્રવૃત્તિઓનો ચોરો. પરિષદનો એક આગવો પરિચય ઊભરી આવ્યો છે. પરિષદની વેબસાઇટની મુલાકાત મહિને-દા’ડે આશરે ચાર લાખ વ્યક્તિઓ લે છે. લગભગ ૨૫ દેશોમાંથી નિયમિત જોવાતી આ વેબસાઇટ ૫૦૦થી ૬૦૦ વેબપેજ ધરાવે છે. એના સર્વરનો અવકાશ બે જીબી છે. અને ૨૦ કાર્યકર્તાઓ માટે ઈ-મેઇલ આઈડી તૈયાર કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં પરિષદનાં લોક-પુસ્તકાલયનાં ૫૦ હજાર પુસ્તકોની યાદી નેટ પર મૂકવામાં આવશે. જે ઓપન એસેસ હોવાના કારણે કોઈ પણ પુસ્તક-પ્રેમી આ વ્યવસ્થાનો લાભ લઈ શકશે. પરિષદની વેબસાઇટ જોઈ અનેક ગુજરાતી ભાષા-પ્રેમીઓ, આ કાર્યની પ્રશંસા કરતા ઈ-મેઇલ વારંવાર મોકલે છે. તે સૌ પ્રતિ આભારની લાગણી પરિષદના મિત્રો વતીથી વ્યક્ત કરું છું.

પરિષદના ફેસબુક એકાઉન્ટ પર પાંચ હજાર સભ્યો તો ક્યારના થઈ ગયા છે. અને ૧૫૦૦-૨૦૦૦ જેટલી સભ્ય થવાની અરજીઓ પડી છે. આ બધા સાહિત્યની મુખ્ય ધારાના નથી, પરંતુ ભાષા-પ્રેમના લીધે જોડાયેલા છે. એ બધાને પરિષદની વિવિધ પ્રવૃત્તિઓમાં, પ્રકાશનોમાં, જુદાં જુદાં પ્રકલ્પનોમાં ખૂબ રસ પડ્યો હોય છે.

ઈ-ન્યૂઝ લેટર દ્વારા ૩૦૦ જેટલા સભ્યોને પરિષદના મહત્ત્વના કાર્યક્રમોની વિગત મોકલવામાં આવે છે, તો વેબસાઇટ પર ‘પરબ’ ઑનલાઇન (આંશિક) મૂકવામાં આવે છે. અનુક્રમણિકા સહિતની ઘણી બધી સામગ્રી દેશ-વિદેશથી ડાઉનલોડ થાય છે. એના પ્રશંસકો વધ્યા છે અને માંગ પણ વધી છે. વીકિપિડીયામાં ૨૦૦થી વધુ એન્ટ્રી કરવામાં આવી છે, જ્યારે ૫૦૦થી વધુ એન્ટ્રીઓ થતા પહેલાં પ્રૂફરીડિંગમાં આવી ગઈ છે. આ બધા આયામોથી સરવાળે પરિષદમાં નવા મિત્રો જોડાયા છે. અને આવા ભાષા તથા સાહિત્ય-પ્રેમીઓની મદદ અને સક્રિયતા પરિષદને પ્રાપ્ત થઈ છે, એ વાતે પણ એક નવું વાતાવરણ રચવામાં મદદ કરી છે.

આ સંદર્ભે હમણાં બે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. એક, ઇન્ટરનેટ અને ડિજિટલાઇઝેશન માટેની સલાહકાર સમિતિની રચના થઈ. બે, ઇન્ટરનેટ અને ડિજિટલાઇઝેશન માટેની સામગ્રીનું અધિકૃત અને ચોકસાઈભર્યું ચયન કરવા માટે ઇન્ટરનેટના સંપાદકમંડળની પણ રચના કરવામાં આવી છે જેથી જે કાંઈ કાર્ય આ અંતર્ગત થાય તે પૂરેપૂરી ગુણવત્તાવાળું હોય. એની અગ્રિમતા નક્કી થાય અને આખી પ્રવૃત્તિ વધુ વ્યવસ્થિત ઢબે કાર્યરત રહે.

બીજા બે સમાચાર પણ ખૂબ મહત્ત્વના છે. એક, માતૃભાષા-સંવર્ધન કેન્દ્ર હવે

''ભોળાભાઈ પટેલ માતૃભાષા-સંવર્ધન કેન્દ્ર'' તરીકે ઓળખાશે. બે, મેઘાણી જ્ઞાનપીઠને એક સક્રિય કેન્દ્રમાં કાર્યરત કરવામાં આવશે. હવેથી આ કેન્દ્રમાં બદલાતા સમયને ધ્યાનમાં રાખીને એક ડેટા સેન્ટર ઊભું કરવામાં આવશે, જેથી આ કેન્દ્રમાં 'ભાષા અને સાહિત્યનું ટેક્નોલૉજિકલ સુસંગત માહિતીસંગ્રહ અને પ્રસાર'કાર્ય નિરંતર ચાલતું રહે.

આ ઉપરાંત નજીકના ભવિષ્યમાં ઈ-પબ્લિકેશન કરવાનો પ્રકલ્પ છે. જ્યારે ફોટોગ્રાફ્સ, મેન્યુસ્ક્રિપ્ટની સાચવણી, જૂની ઓડિયો કેસેટ્સ અને નવી ઑડિયો-વિડિયોનું પણ કાયમી ધોરણે યોગ્ય ડિજિટલાઇઝેશન કરવા માટેના પ્રયત્નોનો આરંભ કરી દેવામાં આવ્યો છે. આવતી ૨૦ ઑગસ્ટથી એક વિશિષ્ટ કાર્યક્રમનો આરંભ થશે. એ છે – ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-અભિમુખતાનો કાર્યક્રમ. ગુજરાત લેક્સિકોનની મદદથી આ વર્ગો સમગ્ર જનતા માટે વિનામૂલ્યે શરૂ કરવામાં આવશો. જેથી કરી બદલાતી ટેક્નૉલોજી અને ગુજરાતી ભાષા – બંને પ્રત્યેની અભિમુખતા વધે. કવિઓ, લેખકો, અધ્યાપકો, શિક્ષકો, પત્રકારો, સાહિત્ય-પ્રેમીઓને આ વર્ગનો લાભ લેવા ખાસ વિનંતી.

ગુજરાતી સાહિત્ય પરિષદ હવે આવનારા સમયના પડકારો ઝીલવા સક્ષમ થતી જાય છે ત્યારે વધુ ને વધુ મિત્રો આ બધા પ્રકલ્પોમાં જોડાય અને પ્રવૃત્ત થાય એ જરૂરી છે. નવા પ્રમુખ શ્રી વર્ષાબહેન અડાલજા, આ બધા પ્રકલ્પોને આગળ વધારવા કટિબદ્ધ છે, ત્યારે સૌ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કર્યા વગર થોડું રહી શકાય !

અસ્તુ.

## ગુજરાતી સાહિત્ય પરિષદના નવા વરાયેલાં પ્રમુખ શ્રી વર્ષા અડાલજાને અભિનંદન

ઈ. સ. ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળી રહેલા શ્રી ભોળાભાઈ પટેલનું દુઃખદ અવસાન થતાં, પરિષદની બંધારણીય જોગવાઈ અનુસાર જાણીતા સાહિત્યકાર અને પરિષદનાં ઉપપ્રમુખ શ્રી વર્ષા અડાલજાની પરિષદપ્રમુખ તરીકે વરણી થઈ છે. તા. ૮-૭-૨૦૧૨ના રોજ મળેલી પરિષદની મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની બેઠકથી શ્રી વર્ષાબહેને પોતાનો કાર્યભાર સંભાળી લીધો છે. સમગ્ર પરિષદ પરિવાર વતી શ્રી વર્ષાબહેનને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**રાજેન્દ્ર પટેલ**
મહામંત્રી

**અનિલા દલાલ**
ઉપપ્રમુખ

## ગ્રંથ સાથે ગોઠડી

તા. ૬-૭-૨૦૧૨ના રોજ 'ગ્રંથ સાથે ગોઠડી'માં રૂપાબહેન શેઠે પ્રકાશચંદ્ર દેવલ-કૃત અને જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ-અનૂદિત 'બોલો માધવી' ખંડકાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો. જેમાં

માધવીને વસ્તુના બદલામાં થાપણ તરીકે મુકાવામાં આવે છે. પુત્રપ્રાપ્તિ પછી તે ફરી અક્ષત યૌવના બને છે. આ રીતે તેમને ચાર વાર પરણવું પડે છે. અને પછી તેમને વનમાં જઈને તપ કરવું પડે છે. નારીની કરુણ સંવેદના આ કાવ્યમાં રજૂ થઈ છે તેની વિગતે ચર્ચા કરી હતી. ઉપસ્થિત ભાવકોએ ચર્ચા અને પ્રશ્નોત્તરી કરીને કૃતિને વધુ આસ્વાદ્ય બનાવી હતી.

## દલિત સાહિત્યવિમર્શ

તા. ૨૩-૬-૨૦૧૨ના રોજ 'દલિત સાહિત્યવિમર્શ'માં પ્રિયંકા કલ્પિતના કાવ્યસંગ્રહ 'ઘસરકો' વિશે ડૉ. દિલીપ ચાવડાએ પ્રા. યશવંત વાઘેલાના અધ્યક્ષસ્થાને વક્તવ્ય આપ્યું હતું.

## પાક્ષિકી

તા. ૫-૭-૨૦૧૨ના રોજ ગુરુવારે નિર્મળા મૅકવાને 'વહેરામણ' (તલસાટ) વાર્તાનું પઠન કર્યું હતું.

તા. ૧૯-૭-૨૦૧૨ના રોજ પૂજા તત્સતે 'એકલસૂરા' વાર્તાનું પઠન કર્યું હતું. જેમાં પુરુષની એકાંતપ્રિય વ્યક્તિની કથા હતી. ઓરડાને પ્રતીક તરીકે લઈને એકલસૂરા વ્યક્તિની ખૂબીઓ વાર્તામાં સારી રીતે ઊપસી આવી હતી. પૂરક રસપ્રદ ચર્ચા થઈ હતી.

## એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિની નિશ્રામાં તા. ૧૬-૭-૨૦૧૨ના રોજ ધીરુબહેન પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી સાહિત્ય પરિષદમાં શીઘ્રલેખન માટેની એક બેઠક યોજાઈ હતી જેનો વિષય હતો ''જે વ્યક્તિ ઉપર તમે સૌથી વધુ ભરોસો મૂક્યો હોય તે વ્યક્તિ દગો કરે અને એ વિશ્વાસઘાતના સમાચાર તમને બહારથી મળે ત્યારે કેવા પ્રત્યાઘાત હોય ?'' હતો. જેમાં કૌટુંબિક, સામાજિક અને વ્યવસાયિક જેવા નાજુક સંબંધોવાળા અને પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-પિતા, મિત્રો, પડોશીઓ, ઉપરી અધિકારીઓ અનૈ સંતાનો વગેરે પ્રિય પાત્રોના લેખો લખીને બહેનોએ રજૂ કર્યા હતા. બેઠકને અંતે ધીરુબહેન પટેલે કહ્યું, ''મને બહેનોની શક્તિ માટે ખાતરી છે. તમારી કલમ જરૂર ચાલશે. જે શીઘ્રલેખન કરી શકે તે ચયન કરેલું તો લખી જ શકે. એને માટે કોઈ વિવેચક કે કોઈ અભિપ્રાયની જરૂર નથી. સવારનો અડધો કલાક બહેનો જરૂરથી લેખન માટે ફાળવે એવી શુભેચ્છા.''

**સુધા ભટ્ટ**

## અનુવાદ-અભિમુખતા

તા. ૧૭-૭-૨૦૧૨, મંગળવારે 'અનુવાદ-અભિમુખતા'માં પ્રા. નયના ડેલીવાલાએ 'વિવિધ સાહિત્યસ્વરૂપોમાં ગુજરાતી-હિંદી અનુવાદ-વક્તવ્ય આપ્યું હતું. અનુવાદ વિશે

થોડી વાત કરી, તેમણે પોતે ગુજરાતીમાંથી હિંદીમાં કરેલા અનુવાદનાં ઉદાહરણો આપી બેઠકને રસપ્રદ બનાવી. તેમણે શ્રીધરાણી તથા સુંદરમ્‌ની કવિતાઓ અનુક્રમે 'આઠમું દિલ્હી' અને 'ઘણ ઉઠાવ'નું પઠન કર્યું. હિંદીમાં પણ લય સારો જળવાયો છે. ઉ. જો.ના એકાંકી 'બારણે ટકોરા'નો પણ થોડોક અંશ વાંચ્યો. સિતાંશુ યશશ્ચંદ્ર-સંકલિત સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નાટક '૧૮૫૭-૨૦૦૭'ના ભૂમિકા લેખનું પણ આંશિક પઠન કર્યું જેના ખેવના શબ્દે ભાવક શ્રોતાઓના મનમાં અનેક અર્થો ઉદ્‌ઘાટિત કરી ખાસ્સી લાંબી ચર્ચાનું સ્વરૂપ ધારણ કર્યું. આ બેઠક તંદુરસ્ત ચર્ચાની બેઠક બની રહી.

**રૂપા શેઠ**

## પરિષદના આગામી કાર્યક્રમો

### 'ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા'નો વર્ગ

સંયોજક : રૂપલ મહેતા : ગુજરાતી સાહિત્ય પરિષદ અને લેક્સિકોનના ઉપક્રમે 'ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા'નો વર્ગ તારીખ ૧૭ ઑગસ્ટ સાંજે ૫.૦૦થી ૬.૩૦ સાહિત્યકારો, લેખકો, પત્રકારો, અધ્યાપકો, શિક્ષકો, સાહિત્યરસિકો, ભાષાપ્રેમીઓ તથા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા-કમ્પ્યૂટરની અભિમુખતા માટે એક તક.

### ગ્રંથ સાથે ગોઠડી સંયોજક

હરીશ ખત્રી, ઇતુભાઈ કુરકુટિયા : તા. ૭-૯-૨૦૧૨, શુક્રવારે સાંજે ૬.૦૦ કલાકે ઊર્વી શાહ પ્રતિભા રાયકૃત 'દ્રૌપદી' પુસ્તકનો આસ્વાદ કરાવશે.

### વિશ્વકવિતા કેન્દ્ર

સંયોજક : ધીરુ પરીખ : તા. ૧, ૮, ૧૫, ૨૨, ૨૯, બુધવારે સાંજે ૭.૦૦ કલાકે બુધસભા

### અનુવાદ અભિમુખતા

સંયોજક : રૂપા શેઠ : તા. ૧૪-૮-૨૦૧૨, મંગળવારે સાંજે ૬.૦૦ કલાકે રાજેન્દ્ર પટેલ અનુવાદ વિશે વ્યાખ્યાન આપશે.

### એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

સંયોજક : પ્રજ્ઞા પટેલ, પારુલ દેસાઈ : તા. ૨૦-૮-૨૦૧૨, સોમવાર બપોરે ૪.૦૦ કલાકે લઘુકથા કૃતિનું પઠન.

### નવોદિત સર્જક સાથે સંવાદ

સંયોજક : ધ્વનિલ પારેખ : તા. ૧૮-૮-૨૦૧૨ શનિવારે સાંજે ૫.૦૦ કલાકે નવોદિત સર્જક સંવાદ થશે.

## દલિત સાહિત્યવિમર્શ

સંયોજક : ચંદુ મહેરિયા : તા. ૨૫-૮-૨૦૧૨ના રોજ દલપત ચૌહાણની નવલકથા 'રાશવા સૂરજ' વિશે શ્રી અજય રાવલ ડૉ. વિદ્યુત જોશીની અધ્યક્ષતામાં વક્તવ્ય આપશે, શનિવારે સાંજે ૫.૩૦ કલાકે.

## પાક્ષિકી

સંયોજક : દીવાન ઠાકોર : તા. ૧૬-૮-૨૦૧૨ ઊર્મિ પંડિત મૌલિક વાર્તાનું પઠન અને આસ્વાદ કરાવશે. તા. ૩૦-૮-૨૦૧૨ના રોજ રાજેન્દ્ર પટેલ મૌલિક વાર્તાનું પઠન કરશે. તા. ૬-૯-૨૦૧૨ના રોજ પારુલ કંદર્પ દેસાઈ મૌલિક વાર્તાનું પઠન કરશે.

## વિવેચનશ્રેણી

સંયોજક : પારુલ કંદર્પ દેસાઈ, અજય રાવલ : તા. ૨૧-૮-૨૦૧૨, મંગળવારે ક. લા. સ્વાધ્યાયમંદિર ઉપક્રમે ડૉ. સતીશ વ્યાસનું 'કથનકળા' વિશે સાંજે ૬.૦૦ કલાકે વક્તવ્ય.

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી

સંયોજક : પારુલ કંદર્પ દેસાઈ : તા. ૩૦-૮-૨૦૧૨, ગુરુવારે ક. લા. સ્વાધ્યાય મંદિરના ઉપક્રમે, ડૉ. ભરત મહેતા 'લુકાસ અને સાહિત્યવિચારણા' વિશે સાંજે ૫.૦૦ કલાકે વક્તવ્ય આપશે.

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં મળેલ દાનની વિગત

| | | | |
|---|---|---|---|
| (૧) | રવીન્દ્ર મહોત્સવમાં મળેલ દાન | | |
| | (૧) પ્રફુલ્લ રાવલ | વીરમગામ | ૩૫૦૦/- |
| (૨) | પરબ સ્થાયી ફંડ માટે મળેલ દાન | | |
| | (૧) સુકૃત નિધિ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| | હ. શ્રી મુકેશ મગનલાલ જેસરવાળા | | |
| | પ્રદ્યુમ્નસૂરિજી મહારાજની પ્રેરણાથી | | |
| (૩) | માતૃભાષા સંવર્ધન કેન્દ્રમાં મળેલ દાન | | |
| | (૧) શકરીબહેન ભોળાભાઈ પટેલ | અમદાવાદ | ૨,૦૦,૦૦૦/- |

## ભૂલસુધાર

– 'પરબ' જૂન ૨૦૧૨ માસના અંકમાં પાના નં. ૮૦ ઉપર પરબ અપીલ પેટે મળેલ દાનમાં દર્શનાબહેન શેઠ અમદાવાદ રૂ. ૫૦૦/-ને બદલે રૂ. ૫૦૦૦/- વાંચવા વિનંતી.